# ૨. નાણાકીય પત્રકો

## 1.11 નાણાંકીય પત્રકોનો અર્થ, લક્ષણો, સ્વરૂપ, મર્યાદાઓ

### નાણાંકીય પત્રકોનો અર્થ :

કંપનીની કામગીરીમાં અનેક પક્ષકારોના હિત સંકળાયેલા છે જેવા કે સંચાલકો, શેરહોલ્ડરો, ડિબેન્ચર હોલ્ડરો, લેણદારો, કર્મચારીઓ, ભાવી રોકાણકારો, સરકાર વગેરે. આ તમામ પક્ષકારોને વર્ષ દરમિયાનના કંપનીનું પરિણામ અને કંપનીની આર્થિક સ્થિતિ કેવી છે તે જાણવામાં રસ હોય છે. આ માટે કંપનીના સંચાલકોએ નાણાંકીય પત્રકો તૈયાર કરી પ્રગટ કરવા પડે છે અને તેના જ આધારે દરેક હિત ધરાવનાર પક્ષકાર પોતાની જરૂરી માહિતી મેળવી શકે છે. હિસાબી વર્ષના અંતે જ હિસાબી પત્રકો તૈયાર કરવા પડે છે તેને નાણાંકીય પત્રકો કહેવામાં આવે છે. આ પત્રકો એટલે નફા-નુકસાનનું પત્રક અને પાકું સરવૈયું. તદ્ઉપરાંત રોકડ પ્રવાહ પત્રક, મૂલ્ય વૃદ્ધિ પત્રકનો પણ સમાવેશ થાય છે.

પાકું સરવેયું એ અમુક ચોક્કસ દિવસે ધંધાની આર્થિક સ્થિતિ દર્શાવે છે. તેમાં અમુક તારીખે કંપની પાસે મિલકતો, દેવા તેમજ મૂડી કેટલી છે તેની માહિતી મળી રહે છે. પાકા સરવૈયા પરથી ધંધાની મિલકતો માટે નાણાં ક્યાંથી મેળવવામાં આવ્યા હતા તે માહિતી પ્રાપ્ત થાય છે. એટલે કે પોતાની નાણાંકીય બચત કેટલે અંશે યોગ્ય રીતે ઉપયોગમાં લેવાય છે તેની માહિતી શેરહોલ્ડરોને તેમજ લેણદારોને ધંધાની સધ્ધરતાનો ખ્યાલ મળી રહે છે.

નફા-નુકસાન ખાતાનું પત્રક અમુક ચોક્કસ સમય દરમિયાનના ધંધાનો નફો કે ખોટ દર્શાવે છે. આ પત્રક પરથી પાછલા વર્ષની સરખામણીમાં ધંધાના માલિકો એટલે કે શેરહોલ્ડરોને મળતા નફા ભાગમાં કેટલો ફરફાર થયો તે જાણી શકીયે છીએ.

"નાણાંકીય પત્રકો એટલે એવા પત્રકો જેના દ્વારા એકમની નાણાંકીય પરિસ્થિતિના વિવિધ પાસાંઓના પરિણામે મેળવી શકાય."

"નાણાંકીય પત્રકો એટલે એવો અહેવાલ જે ધંધાકીય એકમની વિગતવા માહિતી (નાણાંકીય પરિસ્થિતિ) દર્શાવે છે."

## નાણાંકીય પત્રકોના લક્ષણો :

નાણાંકીય પત્રકોના મુખ્ય લક્ષણો નીચે મુજબ છે.

### (1) મુખ્ય બે પત્રકો

નાણાંકીય પત્રકોની ચર્ચા કરીએ એટલે તેમાં બે મુખ્ય પત્રકોનો સમાવેશ થાય. એક નફા-નુકસાન ખાતાનું પત્રક અને બીજું પાકું સરવૈયું. નફા-નુકસાન ખાતાનું પત્રક જે વર્ષ દરમિયાન ધંધાના નફા કે ખોટની શું પરિસ્થિતિ છે એટલે કે ધંધાનું પરિણામ દર્શાવે છે. આ ઉપરાંત રોકડ પ્રવાહ પત્રકનો પણ નાણાંકીય પત્રકોમાં સમાવેશ થાય છે. જ્યારે પાકું સરવૈયું એ ધંધાની આર્થિક પરિસ્થિતિ દર્શાવે છે.

### (2) નોંધાયેલ હકીકતોને આધારે

નાણાંકીય પત્રકો માત્ર ને માત્ર નોંધેલ હકીકતોને આધારે જ તૈયાર થાય છે. ધંધામાં જે રોજેરોજ વ્યવહારો હિસાબી ચોપડે નોંધાય છે તેના આધારે જ વર્ષને અંતે નાણાંકીય પત્રકો તૈયાર થાય છે. તેથી જે ધંધાકીય વ્યવહારો નાણાંમાં નોંધાય છે તેની જ નોંધ નાણાંકીય પત્રકોમાં થાય છે.

### (3) પાછલા અને ચાલુ વર્ષની સરખામણી માટે

કંપનીના પાછલા વર્ષના આંકડાઓને ચાલુ વર્ષના આંકડાઓ સાથે સરખાવી તેમજ અન્ય કંપનીના આંકડાઓ સાથે સરખાવવામાં આવે છે. નાણાંકીય પત્રકો ઘણીવાર અસામાન્ય સંજોગોને કારણે તૈયાર થતાં હોય છે. માટે જ નાણાંકીય પત્રકોની સાચી પરિસ્થિતિ પાછલા અને ચાલુ વર્ષની સરખામણી દ્વારા જાણી શકાય છે. તેના આધારે જ્યાં સુધારાની જરૂર જણાય તે દિશામાં પગલા લઈ શકાય છે. આમ, સરખામણીને આધારે અમુક નીતિનું પરિણામ ધાર્યા મુજબનું છે કે નહિ તેનો ખ્યાલ આવે છે.

### (4) કાયદા પ્રમાણે

દરેક ધંધાકીય એકમ માટે અલગ કાયદો છે. તેમનાં નાણાંકીય પત્રકો તેમના કાયદાની જોગવાઈ અને ફોર્મ અનુસાર તૈયાર કરવામાં આવે છે. જેમકે કંપનીના હિસાબો કંપની ધારા, 2013 પ્રમાણે તૈયાર કરવામાં આવે છે.

### (5) યોગ્ય ચોકસાઈ

નાણાંકીય પત્રકોમાં અમુક બાબતો એવી છે કે જેમાં બધી જ રીતે ચોકસાઈ શક્ય નથી, તેનું એક કારણ એ છે કે અમુક બાબતો માટે અંદાજ મુકવો પડે છે. જેમ કે ઘાલખાધ અનામત, ઘસારાની પદ્ધતિ અને તેનો દર વગેરે. કેટલીક જવાબદારીઓ ચોક્કસ હોવાં છતાં તેની ચોક્કસ રકમ બતાવાતી નથી. જેમ કે કર્મચારીઓને છુટા થતી વખતે ચુકવાતી ગ્રેજ્યુઈટી.

### (6) વિવિધ ઉદ્દેશો માટે

નાણાંકીય પત્રકો માત્ર કોઈ એક હેતુ કે ઉદ્દેશથી તૈયાર કરવામાં આવતા નથી. તે તૈયાર કરવા પાછળ વિવિધ ઉદ્દેશો હોય છે. તેથી દરેક ઉદ્દેશ માટેનો નફો પણ જુદો જુદો હોય છે. જેમ કે કંપની

ધારા પ્રમાણે નફા-નુકસાન ખાતાનો નફો, ઈન્કમટેક્ષના હેતુઓ માટેનો નફો, સંચાલકીય મહેનતાણા માટેનો નફો જુદો જુદો હોય છે.

**(7) સ્પષ્ટ રજૂઆત**

નાણાકીય પત્રકો જે વાચકો માટે રજૂ કરવામાં આવે છે તે સ્પષ્ટ રીતે સમજી શકે તેવા હોવા જોઈએ. તેમાં જે ખરેખર માહિતીની જરૂર છે તેટલી જ માહિતી દર્શાવવી જોઈએ. અમુક વિગતોની સંપૂર્ણ માહિતી દર્શાવતા અલગ પત્રકો સાથે બિડાણ કરી પત્રકો સ્પષ્ટ સમજી શકાય તેવું રાખવું જોઈએ.

**(8) વ્યક્તિગત અભિપ્રાય**

નાણાંકીય પત્રકો એ હિસાબી સિદ્ધાંતો અને પ્રણાલિકાઓને આધારે તો તૈયાર કરવામાં આવે જ છે પણ આ ઉપરાંત વ્યક્તિગત અભિપ્રાય મહત્ત્વનો ભાગ ભજવે છે. સ્ટોકનું મૂલ્યાંકનની પદ્ધતિ, ઘસારાની પદ્ધતિ તેમજ તેનો દર, ઘાલખાધ અનામતનો દર વગેરે એ હિસાબનીશની અંગત સૂઝ અને અનુભવ તેમજ અભિપ્રાય મુજબ નક્કી થાય છે.

**(9) હિસાબી સિદ્ધાંતો અને પ્રણાલિકાઓ**

નાણાંકીય પત્રકો એ હિસાબી સિદ્ધાંતો અને પ્રણાલિકાઓને આધારે તૈયાર કરવામાં આવે છે. જેથી કરીને ચાલુ વર્ષના પત્રકોને પાછલા વર્ષો સાથે તેમજ અન્ય ધંધાકીય એકમ સાથે સરખાવી શકાય છે.

## નાણાંકીય પત્રકોનું સ્વરૂપ :

નાણાંકીય પત્રકોમાં પાકું સરવૈયું અને નફા-નુકશાન ખાતાનું પત્રક એમ મુખ્ય આ બે પત્રકોનો સમાવેશ થાય છે. તેમાં નીચેની ત્રણ બાબતોનો સમાવેશ થાય છે.

**(અ) નોંધેલી હકીકતો**

**(બ) હિસાબી સિદ્ધાંતો અને પ્રણાલિકાઓ**

**(ક) વ્યક્તિગત અભિપ્રાય**

જે નીચે મુજબ છે.

**(અ) નોંધેલી હકીકતો**

નાણાંકીય પત્રકોમાં જે વિગતોનો સમાવેશ થાય છે તે હિસાબી ચોપડામાં નોંધાયેલી વિગતોને આધારે તૈયાર કરવામાં આવે છે. નફા-નુકસાન ખાતાનાં પત્રકમાં વેચાણ, ખરીદી, મજુરી, ઓફિસ ખર્ચ, નાણાંકીય ખર્ચ, વેચાણ-વિતરણ ખર્ચ વગેરે તથા આવકો તેમજ પાકા સરવૈયામાં દર્શાવતી મિલકતો અને દેવાની રકમો હિસાબી ચોપડામાં નોંધાયેલ નોંધો પરથી કરવામાં આવે છે. આ બાબત પરથી સાબિત થાય છે કે નાણાંકીય પત્રકોમાં દર્શાવેલ બાબતો હિસાબી ચોપડે કરેલી નોંધો પરથી કરવામાં આવે છે. તે સિવાયની બીજી કોઈ બાબતો પરથી તૈયાર કરવામાં આવતા નથી. ઘણી વખત અમુક બાબતો જે નાણાંમાં નોંધાતા નથી પરંતુ તે કંપનીની નફાકારકતા અને આર્થિક પરિસ્થિતિને નોંધપાત્ર અસર કરે છે. હવે ઘણી કંપનીઓ પોતાના હિસાબોમાં એવી પણ વિગતો બતાવે છે કે જે ધંધાની આર્થિક સ્થિતિ જાણવા ઉપયોગી છે છતાં હિસાબી ચોપડે નોંધતા નથી.

**(બ) હિસાબી સિદ્ધાંતો અને પ્રણાલિકાઓ**

નાણાંકીય પત્રકો એ હિસાબી સિદ્ધાંતો અને પ્રણાલિકાઓને આધારે જ તૈયાર કરવામાં આવે છે. જેમ કે પડતરના સિદ્ધાંતને આધારે કાયમી મિલકતો પાકા સરવૈયામાં તેની પડતર કિંમતે બતાવવામાં આવે છે. સ્ટોકની કિંમત મૂળ કિંમત અને બજાર કિંમત બેમાંથી જે ઓછી હોય તે કિંમત ગણાય છે તેમજ ઘાલખાધ અનામત, સ્ટોક મૂલ્યાંકનની પદ્ધતિ તેમજ ઘસારાની પદ્ધતિ વગેરે રૂઢિચુસ્તતાના સિદ્ધાંત આધારિત નોંધાય છે. હિસાબી મુદતની પ્રણાલિકા મુજબ દર વર્ષે નાણાંકીય પત્રકો તૈયાર થાય છે એને તેને જ આધારે આવક અને ખર્ચની નોંધ કરવામાં આવે છે.

(૬) વ્યકતિગત અભિપ્રાય

નાણાંકીય પત્રકો તૈયાર કરવા માટે એવું જરૂરી હોતું નથી કે તે માત્ર હિસાબી સિધ્ધાંતો અને પ્રણાલિકાઓ મુજબ જ નોંધાય. ઘણી એવી બાબતો છે જેમાં હિસાબનીશ અને સંચાલકો બંનેનો વ્યક્તિગત અભિપ્રાયને આધારે નોંધા થાય છે. જેમાં ઘસારો કઈ પદ્ધતિએ ગણવો તેના માટે કોઈ અલગથી સિદ્ધાંત કે પ્રણાલિકા છે નહિ. તેથી હિસાબનીશ અને સંચાલકો પોતાની મરજી પ્રમાણે સીધી લીટીની પદ્ધતિ કે ઘટતી જતી બાકીની પદ્ધતિનો ઉપયોગ કરીને ઘસારો ગણે છે. આમાંથી કોઈ એક પદ્ધતિ ઘણાં વર્ષો સુધી અપનાવવામાં આવે છે તેમજ કોઈક વર્ષે અચાનક ધંધાની પોલીસી બદલીને પદ્ધતિમાં બદલાવ પણ લાવી શકે છે. એક બાબત નક્કી છે કે ઇન્કમટેક્ષ કાયદામાં અને કંપનીધારામાં જુદી જુદી મિલકતો પર ઘસારાના દર આપેલ છે છતાં પણ હિસાબનીશને ઘસારાની પદ્ધતિ અને દર બાબતે છુટછાટ આપેલ છે. તેજ પ્રમાણે આખર સ્ટોકના મૂલ્યાંકન બાબતે તેમજ ઘાલખાધ અનામતની બાબતે તેમજ જુદી જુદી અવાસ્તવિક મિલકતો અને અદ્રશ્ય મિલકતો માંડી વાળવા બાબતે હિસાબનીશ અને સંચાલકોનો અંગત અભિપ્રાય મહત્ત્વનો ભાગ ભજવે છે.

## નાણાંકીય પત્રકોની મર્યાદાઓ

નાણાંકીય પત્રકોની મર્યાદાઓ નીચે મુજબ છે.

(1) ઓછી ચોકસાઈ

નાણાંકીય પત્રકો તૈયાર કરતી વખતે ઝીણવટભરી ચોકસાઈ જરૂરી છે પણ તે હંમેશાં શક્ય હોતું નથી કારણ કે પત્રકોમાં એવી વિગતો રજૂ કરવામાં આવે છે જે ચોક્કસ રીતે માપી શકાતી નથી. નાણાંકીય પત્રકોમાં જે અમુક નોંધો નોંધવામાં આવે છે કે વિગતો રજૂ કરવામાં આવે છે તે અનુભવી હિસાબનીશ અને સંચાલકોના મત પ્રમાણે નક્કી કરવામાં આવે છે તેથી બધી જ બાબતે ચોકસાઈ રાખવી એ બનતું નથી.

(2) અમુક પરિબળોની અવગણના

નાણાંકીય પત્રકો એ ધંધાનું સાચું પરિણામ અને સાચી આર્થિક પરિસ્થિતિ રજૂ કરે છે પણ અમુક બાહ્ય પરિબળો જે કંપનીની આર્થિક સ્થિતિ અને પરિણામને અસર કરે છે તે ધ્યાનમાં લેવામાં આવતા નથી, જેવા કે સંચાલકોની કાર્યક્ષમતા. આ એક એવું પરિબળ છે જે ધંધાની નફાકારકતા તેમજ આર્થિક પરિસ્થિતિ બંનેને નોંધપાત્ર અસર કરે છે. પરંતુ નાણાંકીય પત્રકોમાં તેની અસર જોવા મળતી નથી.

(3) મિલકતોની સાચી કિંમત નહિ

નાણાંકીય પત્રકો તૈયાર કરતી વખતે પાકા સરવૈયામાં જે મિલકતો દર્શાવવામાં આવે છે તેના પર હિસાબનીશ અને સંચાલકોના મત અનુસાર ઘસારાની ગણતરી કરવામાં આવે છે. તેથી પાકું સરવૈયું ધંધાની સાચી કિંમત રજૂ કરતું નથી. ખાસ કરીને ફુગાવાના સમયમાં કાયમી મિલકતો પડતર કિંમતે બતાવવાથી પાકું સરવૈયું ધંધાની સાચી પરિસ્થિતિ બતાવી શકતું નથી કારણ કે ફુગાવાના સમયે ભાવ વધારાને કારણે મિલકતોની વર્તમાન કિંમત અનેક ગણી વધુ હોય છે. તેમજ જૂની પડતરને આધારે ગણેલો ઘસારો પણ ખુબ જ ઓછો હોય છે, પરિણામે નફા-નુકસાન ખાતાનું પત્રક યોગ્ય નફાકારકતા દર્શાવતું નથી.

(4) અયોગ્ય નફાનું પ્રમાણ

નફા-નુકસાન ખાતાનાં પત્રકમાં જે નફાનું ધોરણ રજૂ કરવામાં આવે છે તે સાપેક્ષ જ ગણી શકાય. બીજી કંપનીઓમાં એ જ પ્રકારના વ્યવહારો હોવા છતાં નફાનો આંકડો અલગ હોઈ શકે કારણ કે દરેક ધંધાકીય એકમ પોતાની રીતે નક્કી કરેલી રૂઢિ અનુસાર જુદી જુદી જોગવાઈઓ કરતું હોય છે તેથી દરેક ધંધામાં નફાનું પ્રમાણ અલગ આવી શકે.

(5) વ્યક્તિગત અભિપ્રાય

નાણાંકીય પત્રકો તૈયાર કરવા માટે એવું જરૂર હોતું નથી કે તે માત્ર હિસાબી સિદ્ધાંતો અને પ્રણાલિકાઓ મુજબ જ નોંધાય. ઘણી એવી બાબતો છે જેની હિસાબનીશ અને સંચાલકો બંનેના

વ્યક્તિગત અભિપ્રાયને આધારે નોંધ થાય છે. જેમાં ઘસારો કઈ પદ્ધતિને ગણવો તેના માટે કોઈ અલગથી સિદ્ધાંતો કે પ્રણાલિકા છે નહિ, તેથી હિસાબનીશ અને સંચાલકો પોતાની મરજી પ્રમાણે સીધી લીટીની પદ્ધતિ કે ઘટતી જતી બાકીની પદ્ધતિનો ઉપયોગ કરીને ઘસારો ગણે છે. આમાંથી કોઈ એક પદ્ધતિ ઘણાં વર્ષો સુધી અપનાવવામાં આવે છે તેમ જ કોઈક વર્ષે અચાનક ધંધાની પોલીસી બદલીને પદ્ધતિમાં બદલાવ પણ લાવી શકે છે. એક બાબત નક્કી છે કે ઈન્કમટેક્ષ કાયદામાં અને કંપનીધારામાં જુદી જુદી મિલકતો પર ઘસારાના દર આપેલા છે છતાં પણ હિસાબનીશને ઘસારાની પદ્ધતિ અને દર બાબતે છૂટછાટ આપેલ છે. તેજ પ્રમાણે આખર સ્ટોકના મૂલ્યાંકન બાબતે તેમજ ઘાલખાધ અનામતની બાબતે તેમજ જુદી જુદી અવાસ્તવિક મિલકતો અને અદશ્ય મિલકતો માંડી વાળવા બાબતે હિસાબનીશ અને સંચાલકોનો અંગત અભિપ્રાય મહત્ત્વનો ભાગ ભજવે છે.

**(6) તમામ પક્ષકારોની જરૂરિયાત સંતોષાતી નથી**

નાણાંકીય પત્રકો એકમ સાથે સંકળાયેલ તમામ પક્ષકારોને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવે છે. નાણાંકીય પત્રકો કંપનીધારાની જોગવાઈનું પાલન કરી તૈયાર કરવામાં આવે છે. તેમજ હિસાબનીશ અને સંચાલકોની સુઝ, રૂઢિ, સમજ તેમજ અનુભવને આધારે તૈયાર કરવામાં આવે છે. તેથી નાણાંકીય પત્રકો એ બધા પક્ષકારોની જરૂરિયાત સંતોષી શકતા નથી.

## 1.12 નાણાંકીય પત્રકો તૈયાર કરવાના હેતુઓ

નાણાંકીય પત્રકો તૈયાર કરવાના હેતુઓ નીચે મુજબ છે.

(1) કંપનીધારાની જોગવાઈઓનું પાલન કરવા માટે

(2) આવકવેરાના હેતુઓ માટે

(3) મૂડી નિયમન અને રોકાણ નિયમન માટે

(4) સંચાલકોને ભાવિનીતિ ઘડવામાં મદદરૂપ થવા માટે

(5) ધંધા સાથે સંકળાયેલ તમામ પક્ષકારોને ઉપયોગી માહિતી આપવા માટે

(6) નાણાંકીય પત્રકોને આધારે તમામ જરૂરી માહિતી પુરી પાડવા માટે

(7) ધંધાકીય એકમનો નફો કે નુકસાન જાણવા માટે

(8) ધંધાકીય એકમની આર્થિક પરિસ્થિતિ જાણવા માટે

(9) ધંધાકીય એકમની રોકડ પ્રવાહની સ્થિતિ જાણવા માટે

## 1.13 નાણાંકીય પત્રકોનું વિશ્લેષણ અને તેની પદ્ધતિઓ

નાણાંકીય પત્રકો એ સીધે સીધા હિત ધરાવનાર પક્ષકારને ઉપયોગી થતાં હોતાં નથી. નાણાંકીય પત્રકો તૈયાર થયા પછી સૌ પ્રથમ તેનું અર્થઘટન કરવામાં આવે છે. ત્યારબાદ જ નાણાંકીય પત્રકો દરેક હિત ધરાવનારને ઉપયોગી થાય છે. નાણાંકીય પત્રકો તૈયાર થયા પછી તેમને પુનઃગોઠવણી કરીને તેમની તુલના થઈ શકે તે સ્વરૂપે તૈયાર કરવામાં આવે છે તેને નાણાંકીય પત્રકોનું વિશ્લેષણ કહેવામાં આવે છે.

આવું વિશ્લેષણ અનેક હેતુઓ માટે કરવામાં આવે છે, જેમ કે :

(1) શેરહોલ્ડરો એટલે ધંધાના સાચા માલિકો. તેમને ખ્યાલ આવે છે કે પોતાની મૂડી કેટલી કાર્યક્ષમતાથી ધંધામાં વપરાઈ રહી છે. ધંધાની નફાકારકતા અને આર્થિક પરિસ્થિતિનો ખ્યાલ આવે છે.

(2) સંચાલકો એટલે ધંધાને ચલાવનાર વ્યક્તિઓ, ધંધાના સંચાલકોને અનેક મહત્ત્વના નિર્ણયો લેવામાં ઉપયોગી થઈ શકે તે માટે નાણાંકીય પત્રકોનું વિશ્લેષણ જરૂરી છે.

(3) બેંકમાંથી લોન લેવા બાબતે પણ નાણાંકીય પત્રકોનું વિશ્લેષણ જરૂરી છે. કોઈ પણ બેંક લોન આપતાં પહેલાં નાણાંકીય પત્રકોનું વિશ્લેષણનો આગ્રહ રાખે છે. ખાસ કરીને ધંધાની

પ્રવાહી પરિસ્થિતિ જાણવા ગુણોત્તર વિશ્લેષણ પદ્ધતિ જરૂરી છે. તેમજ લોન આપતાં પહેલાં ધંધાની નફાકારકતા અને આર્થિક સદ્ધરતાનો ખ્યાલ જાણવામાં રસ હોય છે. માટે પણ નાણાંકીય પત્રકોનું વિશ્લેષણ જરૂરી બને છે.

(4) સરકારી કરવેરાની ગણતરી કરતી વખતે પણ મોટાભાગની કંપનીઓ નાણાંકીય પત્રકોનું વિશ્લેષણ કરે છે.

(5) કર્મચારીઓ તેમના પગાર તેમજ બોનસના વધારાની માંગણીના સ્વીકાર અંગેના પ્રશ્નો માટે પણ નાણાંકીય પત્રકોનું વિશ્લેષણ જરૂરી બને છે.

આમ, નાણાંકીય પત્રકોનું વિશ્લેષણ અનેક હેતુઓને ધ્યાનમાં રાખીને કરવામાં આવે છે. આ માટે નીચેની પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવે છે.

- તુલતાત્મક નાણાંકીય પત્રકો
- વલણ દર્શાવતી ટકાવારીઓ
- સામાન્ય માપના પત્રકો
- કાર્યશીલ મૂડીમાં ફેરફારનું પત્રક
- ભંડોળ પ્રવાહ પત્રક
- રોકડ પ્રવાહ પત્રક
- ગુણોત્તર વિશ્લેષણ
- મૂલ્યવૃદ્ધિનું પત્રક

## 1.14 તુલનાત્મક નાણાંકીય પત્રકો

તુલનાત્મક નાણાંકીય પત્રકોમાં નફા-નુકસાન ખાતાનું પત્રક અને પાકા સરવૈયાનું પત્રક એમ બે પત્રકોનો સમાવેશ થાય છે. જ્યારે બે જુદા જુદા સમયનાં નાણાંકીય પત્રકો રજૂ કરવામાં આવે છે ત્યારે તેના પરથી કોઈ ખાસ અર્થઘટન મેળવી શકાતું નથી. પણ તે જ જુદા જુદા સમયના નાણાંકીય પત્રકોને એકસાથે તુલનાત્મક રીતે રજૂ કરવામાં આવે છે ત્યારે તેના પરથી ધંધામાં થઈ રહેલા ફેરફારનાં વલણ જાણી શકાય છે. આ રીતે આંકડાઓની રજૂઆત કરી નફા કે નુકસાન તેમજ આર્થિક સ્થિતિનું વલણ જાણવાની પદ્ધતિને નાણાંકીય પત્રકોનું તુલનાત્મક વિશ્લેષણ કહેવામાં આવે છે.

જ્યારે કોઈ એક જ વર્ષના નાણાંકીય પત્રકોને આધારે ધંધાકીય બાબતોનું અર્થઘટન થઈ શકતું નથી. જો એક જ વર્ષના નાણાંકીય પત્રકો દ્વારા તેનું અર્થઘટન કરવામાં આવે તો નીચેની ખામીઓ શક્ય બને છે.

(1) ધંધાના પાછલા વર્ષની સરખામણીમાં ચાલુ વર્ષે જુદા જુદા ખર્ચ અને ઉપજની શી પરિસ્થિતિ છે તેનો ખ્યાલ આવી શકતો નથી.

(2) ધંધાના પાછલા વર્ષની સરખામણીમાં ચાલુ વર્ષે નાણાંકીય પરિસ્થિતિમાં કેટલો સુધારો થયો તે અંગેની માહિતી જાણી શકાતી નથી.

(3) ધંધાના પરિણામ કે આર્થિક પરિસ્થિતિનું વલણ જાણવું હોય તો પણ એક વર્ષની માહિતી પરથી જાણી શકતા નથી.

માટે કોઈ પણ ધંધાના પરિણામ કે આર્થિક પરિસ્થિતિથી પરીચિત થવું હોય તો ઓછામાં ઓછા બે કે તેથી વધુ વર્ષોના આંકડાઓની માહિતીને આધારે જ સાચું અર્થઘટન કરી શકો છો. તેથી તુલનાત્મક નાણાંકીય વિશ્લેષણને આધારે નફાનુકસાન ખાતામાં જુદા જુદા ખર્ચા અને ઉપજો પાછલા વર્ષની સરખામણીએ કેટલો વધારો કે ઘટાડો થયો છે તે આ પદ્ધતિ દવારા દર્શાવવામાં આવે છે. ને તે જ રીતે પાકા સરવૈયામાં દર્શાવેલી જુદી જુદી મિલકતો અને દેવા તુલાત્મક રીતે રજૂ કરી તેમાં કેવા અને કેટલા ફેરફારો થયા તેનો ખ્યાલ આવે છે તેમજ અન્ય પેઢીઓના સાથે આંકડા સરખાવીને પણ કંપનીની નાણાંકીય પરિસ્થિતિનો ખ્યાલ આવી શકે છે.

### (અ) તુલનાત્મક નફા-નુકસાનનું પત્રક

નફા-નુકસાન પત્રકની જુદી જુદી વિગતોનો તુલનાત્મક ખ્યાલ આવી શકે તે માટે ત્રણથી પાંચ વર્ષના આવક અને ખર્ચ અંગેના આંકડાઓ સાથે રજૂ કરવામાં આવે છે. તુલના કરવા માટે પાછલા વર્ષની સરખામણીમાં ચાલુ વર્ષે કેટલો વધારો કે ઘટાડો થયો તેમજ ટકાવારીના આંકડાથી રજૂ કરી શકાય છે. જ્યારે તુલનાત્મક પત્રકોનું અર્થઘટન કરવામાં આવે છે ત્યારે આવક અને ખર્ચામાં થયેલ ફેરફાર એકસાથે ધ્યાનમાં લેવામાં આવે છે.

નફા-નુકસાન ખાતાનાં તુલનાત્મક પત્રક અંગેની સમજૂતી નીચે મુજબ છે :

| વિગત 1 | | નોંધ નંબર 2 | પાછલું વર્ષ (રૂ.માં) 3 | ચાલુ વર્ષ (રૂ.માં) 4 | વધારો/ ઘટાડો (રૂ.માં) 5 (4-3) | વધારો/ ઘટાડો (% માં) $6=\frac{5}{3}\times 100$ |
|---|---|---|---|---|---|---|
| 1. | ધંધાકીય પ્રવૃત્તિમાંની આવક | | | | | |
| 2. | અન્ય આવક | | | | | |
| 3. | કુલ ઉપજ (1 + 2) | | | | | |
| 4. | ખર્ચાઓ | | | | | |
| | વપરાયેલ માલસામગ્રીની કિંમત | | | | | |
| | વેપારી માલ સ્ટોકની ખરીદી | | | | | |
| | તૈયાર માલ/અર્ધ તૈયાર માલ અને વેપારી સ્ટોકની કિંમતમાં થયેલા ફેરફારો | | | | | |
| | મજુર કલ્યાણ ખર્ચા | | | | | |
| | નાણાંકીય ખર્ચા | | | | | |
| | ઘસારો અને લખી વાળવાનો ખર્ચ | | | | | |
| | કુલ ખર્ચાઓ | | | | | |
| 5. | અસાધારણ અને વિશિષ્ટ પ્રકારની રકમો તથા કરવેરા અગાઉનો નફો (3-4) | | | | | |
| 6. | અસાધારણ આઈટમો | | | | | |
| 7. | વિશિષ્ટ પ્રકારની રકમો તથા કરવેરા અગાઉનો નફો (4-5) | | | | | |
| 8. | વિશિષ્ટ પ્રકારની રકમો | | | | | |
| 9. | કરવેરા અગાઉનો નફો (7-8) | | | | | |
| 10. | કરવેરા | | | | | |
| 11. | નફો નુકસાન (ધંધાની સતત પ્રવૃત્તિમાંથી) (9-10) | | | | | |
| 12. | નફો નુકસાન (ધંધાની બંધ થયેલી પ્રવૃત્તિમાંથી) | | | | | |
| 13. | ધંધાની બંધ થયેલી પ્રવૃત્તિનો કરવેરા ખર્ચ | | | | | |
| 14. | નફો-નુકસાન (ધંધાની બંધ થયેલી પ્રવૃત્તિ પરનો કરવેરા પછીનો) (12-13) | | | | | |
| 15. | સમયગાળા દરમ્યાનનું નફા-નુકસાન (11+14) | | | | | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 16. | શેરદીઠ કમાણી | | | | | |
| | (1) બેઝિક | | | | | |
| | (2) ડાયલ્યુટેડ | | | | | |

નફા-નુકસાન ખાતાંના તુલનાત્મક પત્રક અંગેની સમજૂતી અંગેનું ઉદાહરણ નીચે મુજબ છે.

| | **વિગત** | **નોંધ નંબર** | **પાછલું વર્ષ (રૂ.માં)** | **ચાલુ વર્ષ (રૂ. માં)** |
|---|---|---|---|---|
| 1. | ધંધાકીય પ્રવૃત્તિમાંથી આવક | 1 | 8,00,000 | 12,00,000 |
| 2. | અન્ય આવકો | 2 | 2,00,000 | 3,00,000 |
| 3. | કુલ ઉપજ (1 +2) | | 10,00,000 | 15,00,000 |
| 4. | **ખર્ચાઓ** | 3 | | |
| | વપરાયેલ માલસામગ્રીની કિંમત | | 4,50,000 | 6,00,000 |
| | વેપારી માલ-સ્ટોકની ખરીદી | | 50,000 | 60,000 |
| | તૈયાર માલ/અર્ધ તૈયાર માલ અને વેપારી સ્ટોકની કિંમતમાં થયેલા ફેરફારો | | 60,000 | 75,000 |
| | મજૂર કલ્યાણ ખર્ચા | | 1,00,000 | 1,20,000 |
| | નાણાંકીય ખર્ચા | | 70,000 | 52,500 |
| | ઘસારો અને લખી વાળવાનો ખર્ચ | | 40,000 | 30,000 |
| | અન્ય ખર્ચાઓ | | 8,30,000 | 9,97,500 |
| 5. | કરવેરા અગાઉનો નફો (3-4) | | 1,70,000 | 5,02,500 |
| 6. | કરવેરા | | 85,000 | 2,51,250 |
| 7. | નફો-નુકસાન (5-6) | | 85,000 | 2,51,250 |

સમજૂતી : (વધારા/ઘટાડા સ્વરૂપે-રૂ. માં/%માં)

| | **વિગત 1** | **નોંધ નંબર 2** | **પાછલું વર્ષ (રૂ.માં) 3** | **ચાલુ વર્ષ (રૂ.માં) 4** | **વધારો/ ઘટાડો (રૂ.માં) 5=(4-3)** | **વધારો/ ઘટાડો (% માં) $6=\frac{5}{3}\times 100$** |
|---|---|---|---|---|---|---|
| 1. | ધંધાકીય પ્રવૃત્તિમાંની આવક | 1 | 8,00,000 | 12,00,000 | 4,00,000 | 50 |
| 2. | અન્ય આવકો | 2 | 2,00,000 | 3,00,000 | 1,00,000 | 50 |
| 3. | કુલ ઉપજ (1 +2) | | 10,00,000 | 15,00,000 | 5,00,000 | 50 |
| 4. | ખર્ચાઓ | 3 | | | | |
| | વપરાયેલ માલસામગ્રીની કિંમત | | 4,50,000 | 6,00,000 | 1,50,000 | 33.33 |
| | વેપારી માલ સ્ટોકની ખરીદી | | 50,000 | 60,000 | (10,000) | 20 |
| | તૈયાર માલ/અર્ધ-તૈયાર માલ અને વેપારી સ્ટોકની કિંમતમાં થયેલા ફેરફારો | | 60,000 | 75,000 | 15,000 | 25 |
| | મજૂર કલ્યાણ ખર્ચા | | 1,00,000 | 1,20,000 | 20,000 | 20 |
| | નાણાંકીય ખર્ચો | | 70,000 | 52,500 | (17,500) | (25) |
| | ઘસારો અને લખી વાળવાનો ખર્ચ | | 40,000 | 30,000 | (10,000) | (25) |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | અન્ય ખર્ચાઓ | | 60,000 | 60,000 | - | 0 |
| | કુલ ખર્ચાઓ | | 8,30,000 | 9,97,500 | 1,67,500 | 20.18 |
| 5. | કરવેરા અગાઉનો નફો (3-4) | | 1,70,000 | 5,02,500 | 3,32,500 | 195.59 |
| 6. | કરવેરા | | 85,000 | 2,51,250 | 1,66,250 | 195.59 |
| 7. | નફો-નુકસાન (5-6) | | 85,000 | 2,51,250 | 1,66,250 | 195.59 |

**(બ) તુલનાત્મક પાકા સરવૈયા**

પાકા સરવૈયાના વિશ્લેષણના બે અગત્યના પાસા છે. એક ઇક્વિટી અને જવાબદારીઓ અને બીજું મિલકતો. પાકા સરવૈયામાં ઇક્વિટી અને જવાબદારીઓ એક અગત્યનું પાસું છે. તે નાણાંના પ્રાપ્તિ સ્થાન, નાણાં ક્યાંથી આવ્યા તે દર્શાવે છે. જ્યારે મિલકતો નાણાંનો ઉપયોગ, નાણાં ક્યાં વાપરવા, રોકાણ કરવું તે અંગે માહિતી પૂરી પાડે છે.

છેલ્લાં અમુક વર્ષોમાં કંપનીની ઇક્વિટી અને જવાબદારીઓ અને મિલકતામાં કેવા ફેરફાર થય છે. તેનો ખ્યાલ તુલનાત્મક પાકાં સરવૈયાં પરથી આવે છે. તેમાં કુલ આંકડા અથવા સાથે દરેકની ટકાવારી દર્શાવવામાં આવે છે. આ ટકાવારી કુલ મિલકતો ઉપરથી શોધવામાં આવે છે. એટલે તુલનાત્મક પાકા સરવૈયા એક રૂપિયા સ્વરૂપે અને ટકાવારીના સ્વરૂપે દર્શાવવામાં આવે છે. તેમજ તુલનાત્મક પાકું સરવૈયું એ તમામ ભાગોનું સ્થિર કે પરિવર્તનશીલ, વધારો કે ઘટાડાના વલણ અંગેની માહિતી પૂરી પાડે છે.

| | વિગત<br>1 | નોંધ નંબર<br>2 | પાછલું વર્ષ (રૂ.માં)<br>3 | ચાલુ વર્ષ (રૂ.માં)<br>4 | વધારો/ ઘટાડો (રૂ.માં)<br>5 | વધારો/ ઘટાડો (% માં)<br>$6 = \frac{5}{3} \times 100$ |
|---|---|---|---|---|---|---|
| **1.** | **ઇક્વિટી અને દેવા** | | | | | |
| | 1 શેરહોલ્ડરોનું ભંડોળ | | | | | |
| | (અ)શેરમૂડી | | | | | |
| | (બ) અનામતો અને વધારો | | | | | |
| | (ક) શેર વોરંટની સામે મળેલ રકમ | | | | | |
| | 2. શેર વહેચલી બાકી છે તેવા શેર અરજીના નાણાં | | | | | |
| | 3. બિનચાલુ દેવાં | | | | | |
| | (અ) લાંબાગાળાનાં ઉછીનાં નાણાં | | | | | |
| | (બ) પ્રસારિત કરવેરા દેવાં (ચોખ્ખી રકમ) | | | | | |
| | (ક) અન્ય લાંબાગાળાનાં દેવાં | | | | | |
| | (ડ) લાંબાગાળાની જોગવાઈઓ | | | | | |
| | 4. ચાલુ દેવાં | | | | | |
| | (અ) ટૂંકાગાળાનાં ઉછીના નાણાં | | | | | |
| | (બ) વેપારી લેણદારો | | | | | |
| | (ક) અન્ય ચાલુ દેવાં | | | | | |
| | (ડ) ટૂંકાગાળાની જોગવાઈઓ | | | | | |
| | **કુલ** | | | | | |
| **2.** | 1 **બિન-ચાલુ મિલકતો** | | | | | |
| | (અ) સ્થિર મિલકતો | | | | | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | દૃશ્ય મિલકતો | | | | | |
| | અદૃશ્ય મિલકતો | | | | | |
| | મૂડીકૃત ચાલુ કામ | | | | | |
| | વિકાસ હેઠળની અદૃશ્ય મિલકતો | | | | | |
| | (બ) બિન-ચાલુ રોકાણો | | | | | |
| | (ક) પ્રસારિત કરવેરા મિલકતો | | | | | |
| | (ડ) લાંબાગાળાની લોન અને ધિરાણ | | | | | |
| | (ઈ) અન્ય બિન-ચાલુ મિલકતો | | | | | |
| | 2. ચાલુ મિલકતો | | | | | |
| | (અ) ચાલુ રોકાણો | | | | | |
| | (બ) માલસામગ્રી | | | | | |
| | (ક) વેપારી દેવાદારો | | | | | |
| | (ડ) રોકડ અને રોકડ સ્વરૂપની મિલકતો | | | | | |
| | (ઈ) ટૂંકા ગાળાની લોન અને ધિરાણ | | | | | |
| | (ફ) અન્ય ચાલુ મિલકતો | | | | | |
| | કુલ | | | | | |

**ઉદાહરણ :** પાકા સરવૈયાના તુલનાત્મક પત્રક અંગેની સમજુતી અંગેનું ઉદાહરણ નીચે મુજબ છે.

| | | વિગત | નોંધ નંબર | પાછલું વર્ષ (રૂ.માં) | ચાલુ વર્ષ (રૂ.માં) |
|---|---|---|---|---|---|
| 1. | ઈક્વિટી અને દેવા | | | | |
| | 1 | શેરહોલ્ડરોનું ભંડોળ | | | |
| | | (અ)શેરમૂડી | | 10,00,000 | 12,00,000 |
| | | (બ) અનામતો અને વધારો | | 4,00,000 | 5,00,000 |
| | | (ક) શેર વોરંટની સામે મળેલ રકમ | | 1,00,000 | 80,000 |
| | 2. | શેર વહેંચણી બાકી છે તેવા શેર અરજીના નાણાં | | 2,00,000 | 1,00,000 |
| | 3. | બિનચાલુ દેવાં | | | |
| | | (અ) લાંબાગાળાનાં ઉછીનાં નાણાં | | 4,50,000 | 6,00,000 |
| | | (બ) પ્રસારિત કરવેરા દેવાં (ચોખ્ખી રકમ) | | 1,00,000 | 1,50,000 |
| | | (ક) અન્ય લાંબાગાળાનાં દેવાં | | 1,50,000 | 2,50,000 |
| | | (ડ) લાંબાગાળાની જોગવાઈઓ | | 50,000 | 1,20,000 |
| | 4. | ચાલુ દેવાં | | | |
| | | (અ) ટૂંકાગાળાનાં ઉછીના નાણાં | | 2,00,000 | 1,50,000 |
| | | (બ) વેપારી લેણદારો | | 2,50,000 | 3,50,000 |
| | | (ક) અન્ય ચાલુ દેવાં | | 50,000 | 2,00,000 |
| | | (ડ) ટૂંકાગાળાની જોગવાઈઓ | | 50,000 | 1,50,000 |
| | | **કુલ** | | **30,00,000** | **38,50,000** |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 2. | 1 | બિન-ચાલુ મિલકતો | | | |
| | | (અ) સ્થિર મિલકતો | | | |
| | | (1) દશ્ય મિલકતો | | 8,00,000 | 10,00,000 |
| | | (2) અદશ્ય મિલકતો | | 2,00,000 | 1,50,000 |
| | | (3) મૂડીકૃત ચાલુ કામ | | 1,00,000 | 50,000 |
| | | (4) વિકાસ હેઠળની અદશ્ય મિલકતો | | 50,000 | 50,000 |
| | | (બ) બિન-ચાલુ રોકાણો | | 2,50,000 | 4,00,000 |
| | | (ક) પ્રસારિત કરવેરા મિલકતો | | 1,00,000 | 1,50,000 |
| | | (ડ) લાંબાગાળાની લોન અને ધિરાણ | | 50,000 | 80,000 |
| | | (ઈ) અન્ય બિન-ચાલુ મિલકતો | | 1,50,000 | 1,70,000 |
| | 2. | ચાલુ મિલકતો | | | |
| | | (અ) ચાલુ રોકાણો | | 3,00,000 | 4,00,000 |
| | | (બ) માલસામગ્રી | | 4,00,000 | 6,00,000 |
| | | (ક) વેપારી દેવાદારો | | 2,50,000 | 3,00,000 |
| | | (ડ) રોકડ અને રોકડ સ્વરૂપની મિલકતો | | 2,00,000 | 1,00,000 |
| | | (ઈ) ટૂંકા ગાળાની લોન અને ધિરાણ | | 1,00,000 | 50,000 |
| | | (ફ) અન્ય ચાલુ મિલકતો | | 50,000 | 3,50,000 |
| | | **કુલ** | | **30,00,000** | **38,50,000** |

જવાબ : સમજુતી : (વધારા/ઘટાડા સ્વરૂપે-રૂ. માં/%માં)

| | | વિગત | નોંધ નંબર | પાછલું વર્ષ (રૂ.માં) | ચાલુ વર્ષ (રૂ.માં) | વધારો/ ઘટાડો (રૂ.માં) | વધારો/ ઘટાડો (% માં) |
|---|---|---|---|---|---|---|---|
| 1. | ઈક્વિટી અને દેવા | | | | | | |
| | 1. | શેરહોલ્ડરોનું ભંડોળ | | | | | |
| | | (અ)શેરમૂડી | | 10,00,000 | 12,00,000 | 2,00,000 | 20 |
| | | (બ) અનામતો અને વધારો | | 4,00,000 | 5,00,000 | 1,00,000 | 25 |
| | | (ક) શેર વોરંટની સામે મળેલ રકમ | | 1,00,000 | 80,000 | (20,000) | (20) |
| | 2. | શેર વહેંચણી બાકી છે તેવા શેર અરજીના નાણાં | | 2,00,000 | 1,00,000 | 1,00,000 | 50 |
| | 3. | બિનચાલુ દેવાં | | | | | |
| | | (અ) લાંબાગાળાનાં ઉછીનાં નાણાં | | 4,50,000 | 6,00,000 | 1,50,000 | 33.33 |
| | | (બ) પ્રસારિત કરવેરા દેવાં (ચોખ્ખી રકમ) | | 1,00,000 | 1,50,000 | 50,000 | 50 |
| | | (ક) અન્ય લાંબાગાળાનાં દેવાં | | 1,50,000 | 2,50,000 | 1,00,000 | 66.67 |
| | | (ડ) લાંબાગાળાની જોગવાઈઓ | | 50,000 | 1,20,000 | 70,000 | 140 |
| | 4. | ચાલુ દેવાં | | | | | |
| | | (અ) ટૂંકાગાળાનાં ઉછીના નાણાં | | 2,00,000 | 1,50,000 | (50,000) | (25) |
| | | (બ) વેપારી લેણદારો | | 2,50,000 | 3,50,000 | 1,00,000 | 40 |
| | | (ક) અન્ય ચાલુ દેવાં | | 50,000 | 2,00,000 | 1,50,000 | 300 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | (ડ) ટૂંકાગાળાની જોગવાઈઓ | | 50,000 | 1,50,000 | 1,00,000 | 200 |
| | | કુલ | | 30,00,000 | 38,50,000 | 8,50,000 | 28.33 |
| 2. | 1 | બિન-ચાલુ મિલકતો | | | | | |
| | | (અ) સ્થિર મિલકતો | | | | | |
| | | (1) દૃશ્ય મિલકતો | | 8,00,000 | 10,00,000 | 2,00,000 | 25 |
| | | (2) અદૃશ્ય મિલકતો | | 2,00,000 | 1,50,000 | (50,000) | (25) |
| | | (3) મૂડીકૃત ચાલુ કામ | | 1,00,000 | 50,000 | (50,000) | (50) |
| | | વિકાસ હેઠળની અદૃશ્ય મિલકતો | | 50,000 | 50,000 | - | - |
| | | (બ) બિન-ચાલુ રોકાણો | | 2,50,000 | 4,00,000 | 1,50,000 | 60 |
| | | (ક) પ્રસારિત કરવેરા મિલકતો | | 1,00,000 | 1,50,000 | 50,000 | 50 |
| | | (ડ) લાંબાગાળાની લોન અને ધિરાણ | | 50,000 | 80,000 | 30,000 | 60 |
| | | (ઈ) અન્ય બિન-ચાલુ મિલકતો | | 1,50,000 | 1,70,000 | 20,000 | 13.33 |
| | 2. | ચાલુ મિલકતો | | | | | |
| | | (અ) ચાલુ રોકાણો | | 3,00,000 | 4,00,000 | 1,00,000 | 33.33 |
| | | (બ) માલસામગ્રી | | 4,00,000 | 6,00,000 | 2,00,000 | 50 |
| | | (ક) વેપારી દેવાદારો | | 2,50,000 | 3,00,000 | 50,000 | 20 |
| | | (ડ) રોકડ અને રોકડ સ્વરૂપની મિલકતો | | 2,00,000 | 1,00,000 | 1,00,000 | 50 |
| | | (ઈ) ટૂંકા ગાળાની લોન અને ધિરાણ | | 1,00,000 | 50,000 | (50,000) | (50) |
| | | (ફ) અન્ય ચાલુ મિલકતો | | 50,000 | 3,50,000 | 3,00,000 | 600 |
| | | કુલ | | 30,00,000 | 38,50,000 | 8,50,000 | 28.33 |

## 1.15 વલણ દર્શાવતી ટકાવારીઓ

વલણ દર્શાવતી ટકાવારીની પદ્ધતિ એ નાણાંકીય પત્રકોનું વિશ્લેષણ કરવા માટેની એક પદ્ધતિ છે. આ પદ્ધતિમાં કોઈ એક વર્ષના આંકડાને આધાર તરીકે ગણવામાં આવે છે એટલે કે બધા આંકડાઓને 100 ગણવામાં આવે છે. ત્યારપછી બીજા એક વર્ષના આંકડાઓને તેની સાથે સરખાવવામાં આવે છે. આ વલણ દર્શાવતી ટકાવારીઓ એ એક પ્રકારનાં સૂચકઆંક જેવો છે.

આ પદ્ધતિમાં બધી જ વિગતો માટે વલણ શોધવામાં આવતું નથી, જે વિગતો વચ્ચે તાર્કિક રીતે સંબંધ હોય તેની સરખામણી કરવામાં આવે છે. નાણાંકીય પત્રકોએ કોઈ એક જ વિગતમાં થતો ફેરફાર પૂરતી માહિતી આપી શકતો નથી તેથી સંબંધિત વિગતોમાં થતાં ફેરફારો સરખાવવાથી ઉપયોગી અનુમાનો અંદાજી શકાય છે. વલણ દર્શાવતી ટકાવારીઓ અમુક વિગતોમાં થઈ રહેલો વધારો કે ઘટાડો અંગેની માહિતીનું જ સૂચન કરે છે અને કયા પ્રકારનું વલણ છે એટલે કે પ્રતિકૂળ કે અનુકૂળ તે અંગેની માહિતી સૂચવે છે. તેના પરથી કોઈ ચોક્કસ અનુમાન નક્કી કરતાં પહેલાં વધુ વિશ્લેષણ જરૂરી બને છે. તેમજ જે સમયગાળા દરમિયાનનો અભ્યાસ કરી રહ્યા હોઈએ તે હિસાબી સમય દરમિયાન સિદ્ધાંતો અને પ્રણાલિકાઓમાં જેટલે અંશે એકરૂપતા જળવાઈ હોય તેટલે અંશે જ ચોક્કસ વલણ દર્શાવે છે. એક બીજી બાબત ધ્યાનમાં રાખવી જોઈએ કે જે વર્ષને આધાર વર્ષ ગણવામાં આવે તે જો સામાન્ય વર્ષ ન હોય તો તુલના કરવી એ ખાસ ઉપયોગી નીવડતી નથી. તેમજ એકલી ટકાવારીની સરખામણી પણ ખોટી છાપ ઊભી કરી શકે છે. તેથી કોઈ પણ પ્રકારની ટકાવારી પરથી અનુમાન નક્કી કરતાં પહેલાં ખરેખર આંકડાઓનો પણ એકવાર વિચાર કરવો જ રહ્યો.

**ઉદાહરણ :** પાકા સરવૈયાનું વલણ દર્શાવતી ટકાવારી અંગેની સમજૂતિ અંગેનું ઉદાહરણ નીચે મજબ છે.

| વિગત | | | નોંધ નંબર | 2016-17 (રૂ.માં) | 2017-18 (રૂ.માં) | 2018-19 (રૂ.માં) |
|---|---|---|---|---|---|---|
| 1. | ઇક્વિટી અને દેવા | | | | | |
| | 1 | શેરહોલ્ડરોનું ભંડોળ | | | | |
| | | (અ)શેરમૂડી | | 6,00,000 | 10,00,000 | 12,00,000 |
| | | (બ) અનામતો અને વધારો | | 3,00,000 | 4,00,000 | 5,00,000 |
| | | (ક) શેર વોરંટની સામે મળેલ રકમ | | 80,000 | 1,00,000 | 80,000 |
| | 2. | શેર વહેંચણી બાકી છે તેવા શેર અરજીના નાણાં | | 1,20,000 | 2,00,000 | 1,00,000 |
| | 3. | બિનચાલુ દેવાં | | | | |
| | | (અ) લાંબાગાળાનાં ઉછીનાં નાણાં | | 4,00,000 | 4,50,000 | 6,00,000 |
| | | (બ) પ્રસારિત કરવેરા દેવાં (ચોખ્ખી રકમ) | | 80,000 | 1,00,000 | 1,50,000 |
| | | (ક) અન્ય લાંબાગાળાનાં દેવાં | | 1,20,000 | 1,50,000 | 2,50,000 |
| | | (ડ) લાંબાગાળાની જોગવાઈઓ | | 60,000 | 50,000 | 1,20,000 |
| | 4. | ચાલુ દેવાં | | | | |
| | | (અ) ટૂંકાગાળાનાં ઉછીના નાણાં | | 1,20,000 | 2,00,000 | 1,50,000 |
| | | (બ) વેપારી લેણદારો | | 2,00,000 | 2,50,000 | 3,50,000 |
| | | (ક) અન્ય ચાલુ દેવાં | | 1,00,000 | 50,000 | 2,00,000 |
| | | (ડ) ટૂંકાગાળાની જોગવાઈઓ | | 20,000 | 50,000 | 1,50,000 |
| | | કુલ | | 22,00,000 | 30,00,000 | 38,50,000 |
| 2. | 1 | બિન-ચાલુ મિલકતો | | | | |
| | | (અ) સ્થિર મિલકતો | | | | |
| | | (5) દશ્ય મિલકતો | | 6,00,000 | 8,00,000 | 10,00,000 |
| | | (6) અદશ્ય મિલકતો | | 1,00,000 | 2,00,000 | 1,50,000 |
| | | (7) મૂડીકૃત ચાલુ કામ | | 80,000 | 1,00,000 | 50,000 |
| | | (8) વિકાસ હેઠળની અદશ્ય મિલકતો | | 50,000 | 50,000 | 50,000 |
| | | (બ) બિન-ચાલુ રોકાણો | | 2,00,000 | 2,50,000 | 4,00,000 |
| | | (ક) પ્રસારિત કરવેરા મિલકતો | | 75,000 | 1,00,000 | 1,50,000 |
| | | (ડ) લાંબાગાળાની લોન અને ધિરાણ | | 40,000 | 50,000 | 80,000 |
| | | (ઈ) અન્ય બિન-ચાલુ મિલકતો | | 75,000 | 1,50,000 | 1,70,000 |
| | 2. | ચાલુ મિલકતો | | | | |
| | | (અ) ચાલુ રોકાણો | | 2,00,000 | 3,00,000 | 4,00,000 |
| | | (બ) માલસામગ્રી | | 3,00,000 | 4,00,000 | 6,00,000 |
| | | (ક) વેપારી દેવાદારો | | 2,00,000 | 2,50,000 | 3,00,000 |
| | | (ડ) રોકડ અને રોકડ સ્વરૂપની મિલકતો | | 1,50,000 | 2,00,000 | 1,00,000 |
| | | (ઈ) ટૂંકા ગાળાની લોન અને ધિરાણ | | 75,000 | 1,00,000 | 50,000 |
| | | (ફ) અન્ય ચાલુ મિલકતો | | 55,000 | 50,000 | 3,50,000 |
| | | કુલ | | 22,00,000 | 30,00,000 | 38,50,000 |

જવાબ : સમજૂતિ : (%માં)

| વિગત<br>1 | | | નોંધ નંબર<br>2 | 2016-17 (રૂ.માં)<br>3 | 2017-18 (રૂ.માં)<br>4 | 2018-19 (રૂ.માં)<br>5 | 2017-18 (% માં) 4/3 ×100<br>6 | 2018-19 (% માં) 5/3×100 |
|---|---|---|---|---|---|---|---|---|
| 1. | ઇક્વિટી અને દેવા | | | | | | | |
| | 1 | શેરહોલ્ડરોનું ભંડોળ | | | | | | |
| | | (અ)શેરમૂડી | | 6,00,000 | 10,00,00 | 12,00,000 | 166.67 | 200 |
| | | (બ) અનામતો અને વધારો | | 3,00,000 | 4,00,000 | 5,00,000 | 133.33 | 166.67 |
| | | (ક) શેર વોરંટની સામે મળેલ રકમ | | 80,000 | 1,00,000 | 80,000 | 125 | 100 |
| | 2. | શેર વહેંચણી બાકી છે તેવા શેર અરજીના નાણાં | | 1,20,000 | 2,00,000 | 1,00,000 | 166.67 | 83.33 |
| | 3. | બિનચાલુ દેવાં | | | | | | |
| | | (અ) લાંબાગાળાનાં ઉછીનાં નાણાં | | 4,00,000 | 4,50,000 | 6,00,000 | 112.5 | 150 |
| | | (બ) પ્રસારિત કરવેરા દેવાં (ચોખ્ખી રકમ) | | 80,000 | 1,00,000 | 1,50,000 | 125 | 187.5 |
| | | (ક) અન્ય લાંબાગાળાનાં દેવાં | | 1,20,000 | 50,000 | 2,50,000 | 125 | 208.33 |
| | | (ડ) લાંબાગાળાની જોગવાઈઓ | | 60,000 | 50,000 | 1,20,000 | 83.33 | 200 |
| | 4. | ચાલુ દેવાં | | | | | | |
| | | (અ) ટૂંકાગાળાનાં ઉછીના નાણાં | | 1,20,000 | 2,00,000 | 1,50,000 | 166.67 | 125 |
| | | (બ) વેપારી લેણદારો | | 2,00,000 | 2,50,000 | 3,50,000 | 125 | 175 |
| | | (ક) અન્ય ચાલુ દેવાં | | 1,00,000 | 50,000 | 2,00,000 | 50 | 200 |
| | | (ડ) ટૂંકાગાળાની જોગવાઈઓ | | 20,000 | 50,000 | 1,50,000 | 250 | 750 |
| | | | કુલ | 22,00,000 | 30,00,000 | 38,50,000 | 136.36 | 175 |
| 2. | 1 | બિન-ચાલુ મિલકતો | | | | | | |
| | | (અ) સ્થિર મિલકતો | | | | | | |
| | | 9. દશ્ય મિલકતો | | 6,00,000 | 8,00,000 | 10,00,000 | 133.33 | 166.67 |
| | | 10. અદશ્ય મિલકતો | | 1,00,000 | 2,00,000 | 1,50,000 | 200 | 150 |
| | | 11. મૂડીકૃત ચાલુ કામ | | 80,000 | 1,00,000 | 50,000 | 125 | 62.50 |
| | | 12. વિકાસ હેઠળની અદશ્ય મિલકતો | | 50,000 | 50,000 | 50,000 | 100 | 100 |
| | | (બ) બિન-ચાલુ રોકાણો | | 2,00,000 | 2,50,000 | 4,00,000 | 125 | 200 |
| | | (ક) પ્રસારિત કરવેરા મિલકતો | | 75,000 | 1,00,000 | 1,50,000 | 133.33 | 200 |
| | | (ડ) લાંબાગાળાની લોન અને ધિરાણ | | 40,000 | 50,000 | 80,000 | 125 | 200 |
| | | (ઈ) અન્ય બિન-ચાલુ મિલકતો | | 75,000 | 1,50,000 | 1,70,000 | 200 | 226.67 |
| | 2. | ચાલુ મિલકતો | | | | | | |
| | | (અ) ચાલુ રોકાણો | | 2,00,000 | 3,00,000 | 4,00,000 | 150 | 200 |
| | | (બ) માલસામગ્રી | | 3,00,000 | 4,00,000 | 6,00,000 | 133.33 | 200 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | (ક) વેપારી દેવાદારો | 2,00,000 | 2,50,000 | 3,00,000 | 125 | 150 |
| | | (ડ) રોકડ અને રોકડ સ્વરૂપની મિલકતો | 1,50,000 | 2,00,000 | 1,00,000 | 133.33 | 66.67 |
| | | (ઈ) ટૂંકા ગાળાની લોન અને ધિરાણ | 75,000 | 1,00,000 | 50,000 | 133.33 | 66.67 |
| | | (ફ) અન્ય ચાલુ મિલકતો | 55,000 | 50,000 | 3,50,000 | 90.91 | 636.36 |
| | | કુલ | 22,00,000 | 30,00,000 | 38,50,000 | 136.36 | 175 |

## 1.16 સામાન્ય માપનાં પત્રકો

આ પદ્ધતિ દ્વારા પણ નાણાંકીય પત્રકોનું વિશ્લેષણ કરી શકાય છે. આ પદ્ધતિની મદદથી બે કે તેથી વધુ વર્ષોના પાકાં સરવૈયાંઓની મદદથી પાછલા વર્ષોનાં પાકાં સરવૈયા તેમજ બે કે તેથી વધુ વર્ષોના નફા-નુકસાનના પત્રકોને ચાલુ વર્ષનાં નાણાંકીય પત્રકો સાથે સરખામણી કરવામાં આવે છે. આ પ્રકારનું વિશ્લેષણ એ એક ઊભું વિશ્લેષણ છે. ધંધાના કુલ વેચાણનાં પ્રમાણમાં નફા-નુકસાનનાં પત્રકની અન્ય વિગતોમાં કેવા ફેરફારો થઈ રહ્યા છે. તેમજ પાકા સરવૈયાંની મિલકતો અને ઇક્વિટી અને જવાબદારીઓના પ્રમાણમાં અન્ય વિગતો પર કેવા ફેરફારો થઈ રહ્યા છે તેનો ખ્યાલ મેળવવા સામાન્ય માપનાં પત્રકોનો ઉપયોગ થાય છે. દા.ત. નફા-નુકસાનનાં પત્રકમાં કુલ વેચાણના પ્રમાણમાં ધંધાની ખરીદી, ખરીદીના ખર્ચા, કારખાના ખર્ચા, ઓફિસ ખર્ચા, વેચાણ વિતરણ ખર્ચા, નાણાંકીય ખર્ચા વગેરે વિગતોને ટકાવારી 100માં રજૂ કરવામાં આવે છે. તેમજ પાકા સરવૈયામાં મિલકતોના પ્રમાણમાં બિન-ચાલુ મિલકતો અને ચાલુ મિલકતોનું પ્રમાણ તેમજ ઇક્વિટી અને જવાબદારીના પ્રમાણમાં શેરહોલ્ડરોના ભંડોળ, અનામત અને વધારો, બિન-ચાલુ દેવાં, ચાલુ દેવા વગેરે વિગતોને ટકાવારી 100માં રજૂ કરવામાં આવે છે. આવાં નાણાંકીય પત્રકોને 'સામાન્ય માપનાં પત્રકો' અથવા '100 ટકાના પત્રકો' તરીકે પણ ઓળખવામાં આવે છે.

### (અ) સામાન્ય માપના પાકા સરવૈયાં

પાકા સરવૈયામાં કુલ મિલકતોના પ્રમાણમાં અન્ય મિલકતો કેટલી છે તેમજ ઇક્વિટી અને જવાબદારીઓના પ્રમાણમાં અન્ય ઇક્વિટી અને જવાબદારીઓ કેટલી છે તે રજૂ કરવામાં આવે છે. આ સામાન્ય માપનું સરવૈયું દરેક વિગતના પ્રમાણમાં કેટલો ફેરફાર થઈ રહ્યો છે તે અંગે કોઈ માહિતી મળી શકતી નથી તેમજ કંપનીની આર્થિક સ્થિતિ કેટલે અંશે સધ્ધર છે કે કેમ તે અંગે પણ કોઈ જ ખ્યાલ મળતો નથી. માત્ર ઇક્વિટી અને જવાબદારીઓ અને મિલકતોના પ્રમાણમાં અન્ય મિલકતો કેટલા ટકા છે તેનો ખ્યાલ મળી રહે છે.

**ઉદાહરણ :** સામાન્ય માપના પાકા સરવૈયા અંગેની સમજૂતી અંગેનું ઉદાહરણ નીચે મુજબ છે.

| વિગત<br>1 | | | નોંધ નંબર | 2017-18 (રૂ.માં) | 2018-19 (રૂ.માં) |
|---|---|---|---|---|---|
| I. | ઇક્વિટી અને દેવા | | | | |
| | 1 | શેરહોલ્ડરોનું ભંડોળ | | | |
| | | (અ)શેરમૂડી | | 10,00,000 | 12,00,000 |
| | | (બ) અનામતો અને વધારો | | 4,00,000 | 5,00,000 |
| | | (ક) શેર વોરંટની સામે મળેલ રકમ | | 1,00,000 | 80,000 |
| | 2. | શેર વહેંચણી બાકી છે તેવા શેર અરજીના નાણાં | | 2,00,000 | 1,00,000 |
| | 3. | બિનચાલુ દેવાં | | | |
| | | (અ) લાંબાગાળાનાં ઉછીનાં નાણાં | | 4,50,000 | 6,00,000 |
| | | (બ) પ્રસારિત કરવેરા દેવાં (ચોખ્ખી રકમ) | | 1,00,000 | 1,50,000 |
| | | (ક) અન્ય લાંબાગાળાનાં દેવાં | | 1,50,000 | 2,50,000 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | (ડ) લાંબાગાળાની જોગવાઈઓ | | 50,000 | 1,20,000 |
| | 4. | ચાલુ દેવાં | | | |
| | | (અ) ટૂંકાગાળાનાં ઉછીના નાણાં | | 2,00,000 | 1,50,000 |
| | | (બ) વેપારી લેણદારો | | 2,50,000 | 3,50,000 |
| | | (ક) અન્ય ચાલુ દેવાં | | 50,000 | 2,00,000 |
| | | (ડ) ટૂંકાગાળાની જોગવાઈઓ | | 50,000 | 1,50,000 |
| | | | કુલ | 30,00,000 | 38,50,000 |
| 2. | 1 | બિન-ચાલુ મિલકતો | | | |
| | | (અ) સ્થિર મિલકતો | | | |
| | | 13. દશ્ય મિલકતો | | 8,00,000 | 10,00,000 |
| | | 14. અદશ્ય મિલકતો | | 2,00,000 | 1,50,000 |
| | | 15. મૂડીકૃત ચાલુ કામ | | 1,00,000 | 50,000 |
| | | 16. વિકાસ હેઠળની અદશ્ય મિલકતો | | 50,000 | 50,000 |
| | | (બ) બિન-ચાલુ રોકાણો | | 2,50,000 | 4,00,000 |
| | | (ક) પ્રસારિત કરવેરા મિલકતો | | 1,00,000 | 1,50,000 |
| | | (ડ) લાંબાગાળાની લોન અને ધિરાણ | | 50,000 | 80,000 |
| | | (ઈ) અન્ય બિન-ચાલુ મિલકતો | | 1,50,000 | 1,70,000 |
| | 2. | ચાલુ મિલકતો | | | |
| | | (અ) ચાલુ રોકાણો | | 3,00,000 | 4,00,000 |
| | | (બ) માલસામગ્રી | | 4,00,000 | 6,00,000 |
| | | (ક) વેપારી દેવાદારો | | 2,50,000 | 3,00,000 |
| | | (ડ) રોકડ અને રોકડ સ્વરૂપની મિલકતો | | 2,00,000 | 1,00,000 |
| | | (ઈ) ટૂંકા ગાળાની લોન અને ધિરાણ | | 1,00,000 | 50,000 |
| | | (ફ) અન્ય ચાલુ મિલકતો | | 50,000 | 3,50,000 |
| | | | કુલ | 30,00,000 | 38,50,000 |

જવાબ : સમજૂતી : (100 ટકામાં )

| વિગત | | | નોંધ નંબર | 2017-18 (રૂ.માં) | 2018-19 (રૂ.માં) | સામાન્ય માપની ટકાવારી 2017-18 (100) | સામાન્ય માપની ટકાવારી 2018-19 (100) |
|---|---|---|---|---|---|---|---|
| 1. | ઇક્વિટી અને દેવા | | | | | | |
| | 1 | શેરહોલ્ડરોનું ભંડોળ | | | | | |
| | | (અ)શેરમૂડી | | 10,00,000 | 12,00,000 | 33.33 | 31.17 |
| | | (બ) અનામતો અને વધારો | | 4,00,000 | 5,00,000 | 13.33 | 12.99 |
| | | (ક) શેર વોરંટની સામે મળેલ રકમ | | 1,00,000 | 80,000 | 3.33 | 2.08 |
| | 2. | શેર વહેંચણી બાકી છે તેવા શેર અરજીના નાણાં | | 2,00,000 | 1,00,000 | 6.67 | 2.60 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | 3. | બિનચાલુ દેવાં | | | | | |
| | | (અ) લાંબાગાળાનાં ઉછીનાં નાણાં | | 4,50,000 | 6,00,000 | 15 | 15.58 |
| | | (બ) પ્રસારિત કરવેરા દેવાં (ચોખ્ખી રકમ) | | 1,00,000 | 1,50,000 | 3.33 | 3.90 |
| | | (ક) અન્ય લાંબાગાળાનાં દેવાં | | 1,50,000 | 2,50,000 | 5 | 6.49 |
| | | (ડ) લાંબાગાળાની જોગવાઈઓ | | 50,000 | 1,20,000 | 1.67 | 3.12 |
| | 4. | ચાલુ દેવાં | | | | | |
| | | (અ) ટૂંકાગાળાનાં ઉછીના નાણાં | | 2,00,000 | 1,50,000 | 6.67 | 3.90 |
| | | (બ) વેપારી લેણદારો | | 2,50,000 | 3,50,000 | 8.33 | 9.09 |
| | | (ક) અન્ય ચાલુ દેવાં | | 50,000 | 2,00,000 | 1.67 | 5.19 |
| | | (ડ) ટૂંકાગાળાની જોગવાઈઓ | | 50,000 | 1,50,000 | 1.67 | 3.89 |
| | | | કુલ | **30,00,000** | 38,50,000 | 100 | 100 |
| 2. | 1 | બિન-ચાલુ મિલકતો | | | | | |
| | | (અ) સ્થિર મિલકતો | | | | | |
| | | 17. દશ્ય મિલકતો | | 8,00,000 | 10,00,000 | 26.67 | 25.97 |
| | | 18. અદશ્ય મિલકતો | | 2,00,000 | 1,50,000 | 6.67 | 3.90 |
| | | 19. મૂડીકૃત ચાલુ કામ | | 1,00,000 | 50,000 | 3.33 | 1.30 |
| | | 20. વિકાસ હેઠળની અદશ્ય મિલકતો | | 50,000 | 50,000 | 1.67 | 1.30 |
| | | (બ) બિન-ચાલુ રોકાણો | | 2,50,000 | 4,00,000 | 8.33 | 10.39 |
| | | (ક) પ્રસારિત કરવેરા મિલકતો | | 1,00,000 | 1,50,000 | 3.33 | 3.90 |
| | | (ડ) લાંબાગાળાની લોન અને ધિરાણ | | 50,000 | 80,000 | 1.67 | 2.07 |
| | | (ઈ) અન્ય બિન-ચાલુ મિલકતો | | 1,50,000 | 1,70,000 | 5 | 4.42 |
| | 2. | ચાલુ મિલકતો | | | | | |
| | | (અ) ચાલુ રોકાણો | | 3,00,000 | 4,00,000 | 10 | 10.39 |
| | | (બ) માલસામગ્રી | | 4,00,000 | 6,00,000 | 13.33 | 15.58 |
| | | (ક) વેપારી દેવાદારો | | 2,50,000 | 3,00,000 | 8.33 | 7.79 |
| | | (ડ) રોકડ અને રોકડ સ્વરૂપની મિલકતો | | 2,00,000 | 1,00,000 | 6.67 | 2.60 |
| | | (ઈ) ટૂંકા ગાળાની લોન અને ધિરાણ | | 1,00,000 | 50,000 | 3.33 | 1.30 |
| | | (ફ) અન્ય ચાલુ મિલકતો | | 50,000 | 3,50,00 | 1.67 | 9.09 |
| | | | કુલ | 30,00,000 | 38,50,000 | 100 | 100 |

### (બ) સામાન્ય માપનાં નફા-નુકસાનના પત્રક

સામાન્ય માપનાં નફા-નુકસાન પત્રકની વિગતોની સરખામણી માટે બે કે તેથી વધુ વર્ષોની વિગત હોય તો જ સરખામણી કરવી શક્ય બને છે. નફા-નુકસાનના પત્રકમાં ધંધાકીય પ્રવૃત્તિ એટલે કે વેચાણ ઉપજને આધાર ગણીને બાકી જે તે વર્ષની ઉપજો અને ખર્ચાઓની જે તે વર્ષના વેચાણ સાથે ટકાવારી ગણીને પત્રકમાં દર્શાવવામાં આવે છે.

ઉદાહરણ : નફા-નુકસાન ખાતાંના સામાન્ય માપનાં પત્રક અંગેની સમજૂતિ અંગેનું ઉદાહરણ નીચે મુજબ છે :

| | વિગત | નોંધ નંબર | 2017-18 (રૂ.માં) | 2018-19 (રૂ. માં) |
|---|---|---|---|---|
| 1. | ધંધાકીય પ્રવૃત્તિમાંથી આવક | 1 | 10,00,000 | 15,00,000 |
| 2. | કુલ ઉપજ | | 10,00,000 | 15,00,000 |
| | ખર્ચાઓ | 2 | | |
| | વપરાયેલ માલસામગ્રીની કિંમત | | 4,50,000 | 6,00,000 |
| | વેપારી માલ-સ્ટોકની ખરીદી | | 50,000 | 60,000 |
| | તૈયાર માલ/અર્ધ તૈયાર માલ અને વેપારી સ્ટોકની કિંમતમાં થયેલા ફેરફારો | | 60,000 | 75,000 |
| 3. | મજુર કલ્યાણ ખર્ચા | | 1,00,000 | 1,20,000 |
| | નાણાંકીય ખર્ચા | | 70,000 | 52,500 |
| | ઘસારો અને લખી વાળવાનો ખર્ચ | | 40,000 | 30,000 |
| | અન્ય ખર્ચાઓ | | 60,000 | 60,000 |
| | કુલ ખર્ચાઓ | | 8,30,000 | 9,97,500 |
| 4. | કરવેરા અગાઉનો નફો (2-3) | | 1,70,000 | 5,02,500 |
| 5. | કરવેરા | | 85,000 | 2,51,250 |
| 6. | નફો-નુકસાન (4-5) | | 85,000 | 2,51,250 |

જવાબ : સમજૂતી : (100% માં)

| | વિગત | નોંધ નંબર | 2017-18 (રૂ.માં) | 2018-19 (રૂ.માં) | સામાન્ય માપની ટકાવારી 2017-18 (100) | સામાન્ય માપની ટકાવારી 2018-19 (100) |
|---|---|---|---|---|---|---|
| 1. | ધંધાકીય પ્રવૃત્તિમાંથી આવક | 1 | 10,00,000 | 15,00,000 | 100 | 100 |
| 2. | કુલ ઉપજ | | 10,00,000 | 15,00,000 | 100 | 100 |
| | ખર્ચાઓ | 2 | | | | |
| | વપરાયેલ માલસામગ્રીની કિંમત | | 4,50,000 | 6,00,000 | 45 | 45 |
| | વેપારી માલ-સ્ટોકની ખરીદી | | 50,000 | 60,000 | 5 | 4 |
| | તૈયાર માલ/અર્ધ તૈયાર માલ અને વેપારી સ્ટોકની કિંમતમાં થયેલા ફેરફારો | | 60,000 | 75,000 | 6 | 5 |
| 3. | મજુર કલ્યાણ ખર્ચા | | 1,00,000 | 1,20,000 | 10 | 8 |
| | નાણાંકીય ખર્ચા | | 70,000 | 52,500 | 7 | 3.5 |
| | ઘસારો અને લખી વાળવાનો ખર્ચ | | 40,000 | 30,000 | 4 | 2 |
| | અન્ય ખર્ચાઓ | | 60,000 | 60,000 | 6 | 4 |
| | કુલ ખર્ચાઓ | | 8,30,000 | 9,97,500 | 83 | 66.5 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 4. | કરવેરા અગાઉનો નફો (2-3) | | 1,70,000 | 5,02,500 | 17 | 33.5 |
| 5. | કરવેરા | | 85,000 | 2,51,250 | 8.5 | 16.75 |
| 6. | નફો-નુકસાન (4-5) | | 85,000 | 2,51,250 | 8.5 | 16.75 |

## 1.17 કાર્યશીલ મૂડીમાં ફેરફારનું પત્રક

આ પદ્ધતિ દ્વારા પણ નાણાંકીય પત્રકોનું વિશ્લેષણ કરી શકાય છે. આ પદ્ધતિની મદદથી બે કે તેથી વધુ વર્ષોના પાકાં સરવૈયાંની મદદથી પાછલા વર્ષોનાં પાકાં સરવૈયા ચાલુ વર્ષના પાકાં સરવૈયાં સાથે સરખાવી આ પ્રકારનું વિશ્લેષણ કરવામાં આવે છે. આ એક ઊભું વિશ્લેષણ છે. કાર્યશીલ મૂડી એટલે ચાલુ મિલકતોની ચાલુ દેવા પરનો વધારો ધંધાના સંચાલન માટે કાર્યશીલ મૂડી ખુબ જ અગત્યની છે. એટલે તેમાં થઈ રહેલા ફેરફારો જાણવા કાર્યશીલ મૂડીમાં ફેરફારનું પત્રક તૈયાર કરવામાં આવે છે. આ પદ્ધતિમાં ચાલુ વર્ષની ચાલુ મિલકતોને ચાલુ વર્ષના દેવાં સાથે સરખામણીમાં આવે છે. અને પાછલા વર્ષની સરખામણીમાં ચાલુ વર્ષે મિલકતો દેવા તેમજ કાર્યશીલ મૂડીમાં કેટલા ફેરફાર થયો તે જાણી શકાય છે.

## 1.18 ભંડોળ પ્રવાહ પત્રક

આ પદ્ધતિ દ્વારા પણ નાણાંકીય પત્રકોનું વિશ્લેષણ કરી શકાય છે. આ પદ્ધતિની મદદથી બે કે તેથી વધુ વર્ષોના પાકાં સરવૈયાંની મદદથી પાછલા વર્ષોનાં પાકાં સરવૈયા ચાલુ વર્ષનાં પાકાં સરવૈયા સાથે સરખાવી આ પ્રકારનું વિશ્લેષણ કરવામાં આવે છે. આ એક ઊભું વિશ્લેષણ છે. અહીં ભંડોળનો સામાન્ય અર્થ કાર્યશીલ મૂડી થાય છે. ધંધામાં વર્ષ દરમિયાન કેટલું ભંડોળનો ક્યાં અને કેવી રીતે ઉપયોગ થઈ રહ્યો છે. તેવી માહિતી પૂરી પાડવા માટે થાય છે. વર્ષ દરમિયાન વધારાના શેર બહાર પાડી નાણાં ઊભા કર્યા હોય તો તે આ પત્રકમાં ભંડોળની પ્રાપ્તિ તરીકે દર્શાવાય છે.

## 1.19 રોકડ પ્રવાહ પત્રક

કાર્યશીલ મૂડીમાં ફેરફાર અને ભંડોળ પ્રવાહનું પત્રકની પદ્ધતિનો નાણાંકીય પત્રકના વિશ્લેષણ માટે ઉપયોગ કરીએ છીએ ત્યારે માત્ર કાર્યશીલ મૂડીમાં થતા ફેરફારનો જ ઉલ્લેખ કરીએ છે. પરંતુ ટૂંકા ગાળા માટે  એક અગત્યનું પાસું રોકડની આવક અને જાવક જાણવી ખુબ જ જરૂરી છે. અમુક ચોક્કસ સમયે રોકડની જરૂર પડશે ત્યારે પૂરતી રોકડ મળી રહેશે કે નહિ તે જાણવા રોકડ પ્રવાહનું પત્રક બનાવવું જરૂરી બને છે. આ પદ્ધતિમાં ચાલુ વર્ષે અને પાછલા વર્ષની માહિતી પરથી વર્ષ દરમિયાન કેટલી ? રોકડ ધંધામાં આવક અને જાવક થઈ તે દર્શાવવામાં આવે છે. આમ જોવા જઇએ તો રોકડ પ્રવાહ પત્રક એ ભૂતકાળ માહિતી પરથી તૈયાર થાય છે. "પાછલા વર્ષ દરમિયાન રોકડની આવક કેટલી થઈ અને રોકડની જાવક કેટલી થઈ અને તેને પરિણામે વર્ષને અંતે કેટલી ? રોકડ હાથ પર છે તે દર્શાવતું પત્રક એટલે ''રોકડ પ્રવાહ પત્રક" ભારતની ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસની સંસ્થા એ આ અંગે હિસાબી ધોરણ-3 બહાર પાડ્યું છે અને ભારતનાં કંપની ધારાની જોગવાઈ પ્રમાણે બધી જ કંપનીઓએ સંસ્થાના હિસાબોની રજૂઆત માટે આ હિસાબી ધોરણનો ફરજીયાત અમલ કરવાનો રહે છે. આથી, ભારતની બધી જ કંપનીઓએ પોતાના પ્રગટ થતાં વાર્ષિક હિસાબોની સાથે રોકડ પ્રવાહ અચૂક આપવો જ રહ્યો.

## 1.20 ગુણોત્તર વિશ્લેષણ

માત્ર નાણાંકીય પત્રકો તૈયાર કરવાથી ધંધાની સાચી નફા કે નુકસાનની પરિસ્થિતિ કે આર્થિક પરિસ્થિતિનો ખ્યાલ આવતો નથી માટે ગુણોત્તર વિશ્લેષણ ખૂબ જ મહત્ત્વની પદ્ધતિ છે. નાણાંકીય પત્રકોની કોઈ પણ બે વિગતો વચ્ચેનો સંબંધ રજૂ કરતો આંકડો એટલે ગુણોત્તર. ગુણોત્તર એટલે કોઈ પણ બે માહિતી વચ્ચેનો આંકડાકીય અથવા સંખ્યાસૂચક સંબંધ. ગુણોત્તર એટલે બે રકમો વચ્ચેનો ભાગાકાર, ગાણિતિક માપ, હિસાબી ગુણોત્તર એટલે વિવિધ રીતે રજૂ થતો નાણાંકીય પત્રકોમાની બે સંબંધિત માહિતીઓ વચ્ચેનો આંકડાકીય સંબંધ. આ વિશ્લેષણ ધંધામાં નાણાંકીય રોકાણ કરનારા

રોકાણકારો, લેણદારો, બેંકો, સંચાલકો વગેરે માહિતી ઇચ્છુકોને યોગ્ય માર્ગદર્શન પૂરું પાડે છે. નાણાંકીય પત્રકોમાંની જુદી જુદી પરંતુ પરસ્પર સંબંધ ધરાવતી વિગતો વચ્ચેનો સંબંધ શોધવો અને તેનું અર્થઘટન કરવું એટલે ગુણોત્તર વિશ્લેષણ.

## 1.21 મૂલ્યવૃદ્ધિનું પત્રક

દરેક ધંધાકીય સાહસ કોઈને કોઈ પ્રકારના એકમનું ઉત્પાદન કરે છે. જ્યારે એકમ ઉત્પાદન કરે છે ત્યારે સૌપ્રથમ તે કાચો માલસામાન ખરીદે છે અને તેના આ પર યોગ્ય પ્રક્રિયા કરે છે. ત્યારબાદ કાચા માલમાંથી એકમ તૈયાર થાય છે. આમ, માલસામાનની કિંમતમાં વધારો થાય છે. આ વધારો એ માત્ર કોઈ એક વ્યક્તિ થકી નથી થતો પરંતુ તેમાં દરેક વ્યક્તિ જે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે પોતાની સેવા આપેલ છે તે બધાનો ફાળો રહેલો છે. આ સેવાનુ એક મૂલ્ય છે અને એ મૂલ્યને આ સેવા આપનાર પક્ષકારો વચ્ચે વહેંચી આપવામાં આવે છે. જેમાં મૂડી  પૂરી પાડનારાઓને મૂડી પૂરી પાડવા બદલ વ્યાજ કે ડિવિડન્ડ અપાય છે. ધંધાના કામદારો અને અન્ય કર્મચારીઓ જેમની મદદથી ઉત્પાદન તૈયાર થવું શક્ય બન્યું તેમણે તેમની સેવાના બદલામાં પગાર તેમજ અન્ય લાભો પૂરા પાડવામાં આવે છે. તેમજ ધંધાકીય એકમને  સગવડભર્યું સામાજિક માળખું પૂરૂ પાડ્યું તે બદલ સરકારને કરવેરાની ચૂકવણી કરવામાં આવે છે. તેમજ કેટલીક રકમ ધંધાના લાભાર્થે ભવિષ્યના વિકાસ માટે રાખી મૂકવામાં આવે છે. કેટલીક કંપનીઓ પોતાના વાર્ષિક અહેવાલમાં અન્ય નાણાંકીય પત્રકોની જેમ મૂલ્યવૃદ્ધિના હિસાબોનું પત્રક પણ દર્શાવે છે. આમ, મૂલ્યવૃદ્ધિ દ્વારા ધંધાની કામગીરીનુમાં મૂલ્યાંકન કરવા આ પદ્ધતિ અપનાવવામાં આવી છે.